હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આજના પેપર મારે વાંચવું નથી... ખાલી કહી દે... કેટલા પકડાયા...!!

થર્ટી ફર્સ્ટ નાઇટમાં પોલીસે જિલ્લામાંથી ૨૬ પીધેલાઓને પકડયા

'પાર્ટી' કરીને વાહન ચલાવવાનાં ૧૦ કેસ કર્યા : રાત્રે ચેકિંગ દરમિયાન ૨૫ યુવાનો પાસેથી પોલીસને દારૂ મળ્યો

ગાંધીનગર, તા.૧

થર્ટી ફર્સ્ટને પગલે રાજ્યભરમાં પોલીસ વિભાગ દ્વારા પ્રોહીબીશન ડ્રાઈવ રાખવામાં આવી હતી અને રસ્તા ઉપર પોલીસને બ્રેથ એનાલાઈઝર સાથે સ્ટેન્ડ ટુ કરી દેવામાં આવ્યા હતા. નવા વર્ષની ઉજવણી દારૂ ઢીંચીને કરતા તત્વોની સંખ્યા ખૂબ જ વધી ગઈ હોવાને કારણે રાજ્ય પોલીસ વડા દ્વારા આ સ્પેશિયલ ડ્રાઈવ રાખવામાં આવી હતી અને દરેક જિલ્લાના પોલીસ અધિક્ષકને કડકમાં કડક કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હતી. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકની ટીમો દ્વારા ગત રાત્રિ દરમિયાન કરવામાં આવેલી ડ્રાઈવ દરમિયાન જિલ્લામાંથી ૨૬ પીધેલાઓને પકડવામાં આવ્યા છે. દારૂ ઢીંચીને વાહન લઈને નીકળેલા દસ પીધેલાઓને પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. રાત્રે ચેકિંગ દરમિયાન જિલ્લામાંથી ૨૫ યુવાનો પાસેથી પોલીસને દારૂ મળી આવ્યો હોવાનું પોલીસ દ્વારા જાણવા મળ્યું છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી એલસીબી-એસઓજીની ટીમો ઉપરાંત તમામ પોલીસ મથકોની ટીમો રાત્રે રસ્તા પર ઉતરી ગઈ હતી. મુખ્ય માર્ગો ઉપરાંત અમદાવાદને જોડતા રસ્તાઓના સર્કલો ઉપર પોલીસની અલગ અલગ ટુકડીઓ બ્રેથ એનાલાઈઝર સાથે ગોઠવાઈ ગઈ હતી અને રાત ભર વાહનચાલકોનાં ચેકિંગ કર્યા હતા. આ રસ્તાઓ પરથી પસાર થતી ગાડીઓ પૈકી ફેમિલી સાથે જતા વાહન ચાલકોને હેરાનગતિ ન થાય તેનું પણ પોલીસ દ્વારા ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. જિલ્લામાં ઠેર ઠેર કરવામાં આવેલા વાહન ચેકિંગ અને દરોડાઓ દરમિયાન પોલીસને જિલ્લામાંથી ૨૬ પીધેલાઓ મળ્યા હતા. જિલ્લા પોલીસ અધિક્ષકે આપેલી માહિતી મુજબ જિલ્લામાં કુલ ૨૬ કેસ કરવામાં આવ્યા છે જેમાં ૧૦ કેસ ડ્રિંક એન્ડ ડ્રાઈવના હોવાથી તે તત્વોના અલગથી એમ.વી એક્ટ હેઠળ કેસ કરવામાં આવ્યા છે એટલે કે ટોટલ ૩૬ કેસ નોંધાયા છે. પોલીસ ચોપડે નોંધાયેલા ૩૬ કેસ પૈકી ૨૫ કેસમાં આરોપીઓના(પીધેલાઓનાં) કબ્જામાંથી દારૂ મળી આવ્યો હતો જ્યારે ૧૧ પીધેલા મળી આવ્યા હતા. ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા રાખવામાં આવેલી થર્ટી ફર્સ્ટની ડ્રાઈવ દરમિયાન પોલીસને ૨૬ પીધેલાઓ મળી આવતા તે તમામ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવી છે.

એલસીબીએ શહેરમાંથી વધુ બે વોન્ટેડ આરોપીઓ પકડયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એલસીબીની ટીમે આજે વધુ બે નાસતા ફરતા

આરોપીઓને પકડી પાડયા છે. હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકના છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઘ-૬ સર્કલ નજીકથી એલસીબીની ટીમે પકડી પાડયો છે જ્યારે બે મહિના પહેલા ચરેડી છાપરામાં થયેલી ઘરફોડ ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પ્રેસ સર્કલ પાસેથી પકડી પાડવામાં આવ્યો છે. બંને વોન્ટેડ આરોપીઓની અટકાયત કરીને સંબંધિત પોલીસને સોપી દેવા કવાયત શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી લોકલ ક્રાઈમ બ્રાંચ પીઆઈ નિરજ પટેલ તથા તરલ ભટ્ટ અને ટીમો વિવિધ ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે તેમની યાદી બનાવીને તેમને શોધવા બાતમીદારો સક્રિય કર્યા છે. આજે આ ટીમના પી.એસ.આઈ વી.એમ.ઝાલા તેમની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહને બાતમી મળી હતી કે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામાં નાસતો-ફરતો કોલવડા બામણ વાસમાં રહેતા આરોપી જીલુભા ભગુભા ચૌહાણ શહેરના ઘ-૬ સર્કલ નજીક કોલવડા જવાના રસ્તા પર બસ સ્ટેન્ડ પાસે ઉભો છે. આ બાતમીના આધારે ટીમે બસ સ્ટેન્ડ પાસે જઈ આ નાસતા ફરતા આરોપીને દબોચી લીધો છે. આ આરોપીએ પોતાના સાગરીતો સાથે મળીને ગાડી લે-વેચના બહાને રૂ.૨.૭૦ લાખની છેતરપિંડી આચરી હતી. આરોપીની અટકાયત કરીને એલસીબીએ હિંમતનગર ગ્રામ્ય પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે. તો બીજી તરફ એ.એસ.આઈ હજારીસિંહને બાતમી મળી હતી કે સેકટર-૨૧ પોલીસ મથકમાં દાખલ થયેલા ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો-ફરતો આરોપી સેક્ટર-૨૮ બગીચા પાસે સર્કલ નજીક પાર્કિંગમાં ઉભો છે. કોબા સર્કલ સુઘડ ડેરી પાસે આંબાવાડીયુ વિસ્તારમાં રહેતા રવિ દલસુખ દેવીપુજક બે મહિનાથી ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો ફરતો હતો તેને એલસીબીની ટીમે બાતમીના આધારે પકડી પાડયો છે. આ શખ્સે તેના સાગરીતો સાથે મળીને ચરેડી છાપરામાં એક મકાનનું તાળું તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના તથા રોકડની ચોરી કરી હતી. તેનો સાગરીત અગાઉ પકડાઈ ચૂક્યો હતો અને તેની પૂછપરછમાં આ આરોપી રવિ દેવીપુજકનું નામ ખૂલ્યું હતું. ત્યારથી આ આરોપી નાસતો ફરતો હતો. આરોપી રવિ દેવીપુજક ઘણા વર્ષોથી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને

ભૂતકાળમાં પણ તેણે ચોરી તથા ઘરફોડ ચોરીના ગુનામાં પોલીસે પકડ્યો હોવાનું એલ.સી.બી પીઆઈ નિરજ પટેલે જણાવ્યું છે. બંને આરોપીઓની ધરપકડ કરીને એલસીબીએ સંબંધિત પોલીસને આરોપીઓ સોંપવા તજવીજ શરુ કરી છે.

સિવિલમાં ચોથા માળનું પાણી લીફટમાં ઉતરતા લીફટ સેવા બંધ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજ બરોજ સમસ્યાઓ ઉદ્ભવે છે. સિવિલમાં એક સાંધો ત્યા તેર તુટે તેવી સ્થિતિ સર્જાય છે. નવા બિલ્ડીંગના ભોંયતળીએ આવેલી લિફટ છેલ્લા બે દિવસથી બંધ હાલતમાં છે. ચોથા માળેથી ટપકતું પાણી લીફટ નીચે ભરાઈ જતા લીફટ સેવા બંધ કરવાની ફરજ પડી છે. લીફટ બંધ હોવાથી દર્દીઓ, મુલાકાતીઓ તેમજ સ્ટાફના કર્મચારીઓને પણ ભારે હેરાનગતિનો સામનો કરવો પડે છે. હાલના સમયે આઠમા માળે દર્દીને લઈને જવું હોય તો ૨૦ મીનીટનો સમય લાગે છે.

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજને પગલે ઈન્ફ્રાસ્ટ્રકચરમાં વધારો થવા પામ્યો છે. સિવિલમાં પાંચ માળની ઓપીડી અને આઠમાળની ઈન્ડોર દર્દીઓ માટે ઈમારત ઉભી કરાઈ છે. બિલ્ડીંગમાં કરોડો રૂપીયા ખર્ચ કર્યો હોવા છતા સમસ્યાઓ સમવાનું નામ લેતી નથી. ત્યારે છેલ્લા કેટલાક સમયથી નવી બિલ્ડીંગના ચોથા માળે સતત પાણી વહે છે.

જેનાથી લીફટની નીચેના ભાગમાં પાણી ભરાઈ જાય છે. જેને પગલે કોઈ અકસ્માતની ઘટના ના સર્જાય તે માટે તંત્ર દ્વારા લીફટ બંધ કરી દેવાઈ છે. આ લીફટ અગાઉ પણ આ જ સમસ્યાને કારણે મહિનાઓ સુધી બંધ રહેવા પામી છે. લીફટની નીચે એકઠું થયેલું પાણીનો નિકાલ કરવામાં આવે બાદમાં લીફટ શરુ થઈ શકે છે. અગાઉ પણ લીફટ આ જ પાણીના પ્રશ્નને લઈ બંધ કરાઈ હતી. ત્યારે માત્ર ગણતરીના મહિનાઓ બાદ ફરીવાર આ પાણી ભરાતું હોવાની સમસ્યા ઉદભવી છે.

લીફટ બંધ રહેતા અન્ય લીફટમાં દર્દીઓનો ભારે ધસારો રહે છે. ત્યારે આઠમાં માળે જવા માટે દર્દીઓ તેમજ મુલાકાતીઓને અડધો કલાક જેટલો સમય લાગે છે. સિવિલ કેમ્પસમાં નવી બિલ્ડીંગમાં લીફટમાં પાણી ભરાઈ જવાની સમસ્યા આંતરે દિવસે બને છે. ત્યારે તંત્ર દ્વારા લીફટની નીચે એકઠુ થયેલુ પાણી તાત્કાલીક અસરથી નીકાળી લીફટ શરુ કરવામાં આવે તેવી લોગમાંગ ઉઠવા પામી છે. પરંતુ હાલના સમયે તો લીફટ શરુ થશે ત્યાં સુધી દર્દી તેમજ મુલાકાતીઓને ભારે પરેશાની ભોગવવી પડે છે.

આધાર નોંધણી અને સુધારણા સેવાઓ માટે અધિકૃત કેન્દ્રોનો જ સંપર્ક કરવા અનુરોધ

ઈ-આધારપત્ર પણ મૂળ આધારપત્ર જેટલો જ માન્ય દસ્તાવેજ

ગાંધીનગર,તા. ૧

રાજયોના નાગરિકોને તેમની આધાર નોંધણી તેમજ આધાર સુધારણા સેવાઓ માટે માત્ર સરકાર અધિકૃત કેન્દ્રોનો જ સંપર્ક કરવા સ્ટેટ નોડેલ અધિકારી (યુ.આઈ.ડી.) શ્રી નરેન્દ્ર નંદાણી દ્વારા જણાવાયું છે.

આધાર નોંધણી તેમજ આધાર સુધારણા સંબંધિત સેવાઓ માટે જે તે જિલ્લા કલેકટર, મામલતદાર, નગરપાલિકા, મહાનગર પાલિકાની વોર્ડ કચેરીઓ, પોસ્ટ ઓફીસ અને શીડ્યુલ્ડ બેંકોની પસંદગીની શાખાઓ તથા સરકાર અધિકૃત ''આધાર સુવિધા કેન્દ્રો'' કાર્યરત છે. આ કેન્દ્રોની યાદી યુઆઈડી એઆઈની સત્તાવાર વેબસાઈટ https://uidai.gov.in પર ઉપલબ્ધ છે. આ સિવાયના અન્ય કોઈ ખાનગી સ્થળે માન્ય આધાર કેન્દ્રો કાર્યરત નથી.

સ્ટેટ નોડલ અધિકારી દ્વારા જણાવાયું છે કે, યુઆઈડીએઆઈની સત્તાવાર વેબસાઈટ પરથી રહિશના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મોકલવામાં આવેલા ઓટીપી (વન ટાઈમ પાસવર્ડ) દ્વારા પણ ઈ-આધારપત્ર ડાઉનલોડ કરી પ્રિન્ટ કરી શકાય છે. ઈ-આધારપત્રને પણ મૂળ આધારપત્ર જેટલો જ માન્ય દસ્તાવેજ ગણવામાં આવે છે

શહેરમાં ઉતરાયણ પર્વને લઈ સેફટી ગાર્ડનું ધુમ વેચાણ

ઉતરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરના માર્ગો પર ઠેરઠેર સેફટી ગાર્ડ વેચાણ માટે વેપારીઓ બેઠા છે. ઉતરાયણ પર્વમાં કાતિલ દોરી ગળામાં વાગતા કેટલાક નાગરીકોને જીવ ગુમાવવાનો વારો આવે છે. તો કેટલાક વાહનચાલકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જેને પગલે ટુ-વ્હીલર વાહન ચાલકને ગળાના ભાગે દોરીને પગલે ઈજા ન પહોંચે તે માટે બજારમાં સેફટી ગાર્ડ વેચાણ થઈ રહ્યા છે. ત્યારે શહેરના નાગરીકો પણ પોતાની અમુલ્ય જીંદગીનું મુલ્ય સમજી સેફટી ગાર્ડ લગાવતા નજરે પડી રહ્યા છે.

ગાંધીનગરમાં ચૌધરી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ અને વર્ગ-૧ના અધિકારીઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરમાં વસતા આંજણા ચૌધરી સમાજના સ્નેહ મિલન સમારંભમાં તેજસ્વી વિદ્યાર્થીઓ, વર્ગ-૧ના અધિકારીઓ, ડૉકટર અને ખાસ એવોર્ડ વિજેતાઓનું સન્માન પ્રમુખ ગ્રીન

પાર્ટીપ્લોટ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

પૂર્વ મંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, સમાજના મેળાવડાથી આત્મ વિશ્વાસ અને હિંમત વધે છે. ચૌધરી સમાજના વિકાસમાં સેવા, સંગઠન અને એકતા દ્વારા શિક્ષણ સહિત અનેક ક્ષેત્રોમાં બદલાવ સહિત પરિવર્તનો આવ્યા છે. જીનેટીકલી મજબુત બાંધો ધરાવતા ચૌધરી સમાજના યુવાનોએ રમત-ગમત ક્ષેત્રે પોતાની શક્તિઓ ઉજાગર કરવા જણાવ્યું હતું.

ગાંધીનગર ચૌધરી સમાજના પ્રમુખ શ્રી કનુભાઈ ડી. ચૌધરીએ (પ્રમુખ ગ્રૂપ) જણાવ્યું હતું કે, શ્રી આંજણા (ચૌધરી) સેવા મંડળ, ગાંધીનગર દ્વારા સંચાલિત ચૌધરી એકેડેમીમાં છેલ્લા આઠ માસમાં ત્રણ હજાર જેટલા વિદ્યાર્થીઓને ૧૨ જેટલા તાલીમ વર્ગો દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે પ્રશિક્ષણ આપ્યું છે. યુવાનોના જીવન અને કારકિર્દી ઘડતરમાં ચૌધરી એકેડમીએ મહત્વની ભૂમિકા ભજવી પ્રેરણાસ્ત્રોત બની છે. ગાંધીનગરમાં રહેવાની સુવિધા માટે અર્બુદા અતિથિ ગૃહના ખરીદેલ મકાન માટે સમાજના શ્રેષ્ઠીઓ પોતાનું યોગદાન આપે તેવી અપીલ તેમણે કરી હતી.

ધાનેરાના ધારાસભ્ય નાથાભાઈ પટેલ, દિયોદરના ધારાસભ્ય શીવાભાઈ ભુરીયાએ ગાંધીનગર ચૌધરી સમાજની સેવાકીય અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવી જણાવ્યું હતું કે, શિક્ષણના વ્યાપની સાથોસાથ સંસ્કાર દ્વારા આધુનિક યુગમાં હરિફાઈની સ્પર્ધામાં યુવાનો સ્વાવલંબી બની વ્યસન મુક્ત બને. સંપત્તિનો ઉપયોગ શિક્ષણ, કન્યા કેળવણી અને સમાજ ઘડતર માટે થાય તે માટે સામાજિક એકતા ખુબ જ જરૂરી છે. ગાંધીનગર અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ વી. ચૌધરીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સ્નેહમિલન સમારંભના પામોલ ગામના ભોજનદાતા નટુભાઈ પી. ચૌધરી અને માધુભાઈ ગોવાભાઈ ચૌધરી સહિત પાર્ટીપ્લોટના દાતા અને મંડપના દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

સ્પોર્ટસ અધ્યાપકોની ભરતી પ્રક્રિયા ચાલુ કરવા માંગ

ગાંધીનગર, તા.૧

ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી સરકારી તથા ગ્રાન્ટેબલ કોલેજોમાં સ્પોર્ટસ અધ્યાપકોની

નિમણુંક કરવામાં આવી નથી. આ અટકેલ ભરતી પ્રક્રિયાને કારણે અનેક ઉમેદવારોનું ભાવિ અધ્ધરતાલ લટકી રહ્યું છે તેમજ રમતગમત ક્ષેત્રે કૌશલ્ય દાખવી કારકિર્દી ઘડવા થનગની રહેલા યુવા વિદ્યાર્થીઓ પણ યોગ્ય તાલીમથી વંચિત રહેવા પામી રહ્યા છે. આજે ગુજરાત રાજય યુનિવર્સિટી અને કોલેજ અધ્યાપક મંડળના પ્રતિનિધિઓએ આ મુદ્દે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને મળી રજૂઆત કરતા તેમણે આ દિશામાં હકારાત્મક પગલા લેવાનું આશ્વાસન આપ્યું હતું.

એક તરફ ગુજરાત રમતગમત ક્ષેત્રે અન્ય રાજયો કરતા પાછળ રહેવા પામી રહ્યું છે અને રાજય સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે ખેલ મહાકુંભ તથા સ્પોર્ટસ લીગ જેવા આયોજનો કરવામાં આવી રહ્યા છે ત્યારે બીજી તરફ સરકારી-બિન સરકારી કોલેજોમાં અટકી પડેલી પ્રાધ્યાપકોની ભરતી પ્રક્રિયા અંગે કોઈ નિર્ણય લેવાઈ નથી રહ્યો. યુજીસી દ્વારા એક તબક્કે યુનિવર્સિટીમાં કુલ ખાલી પડેલ જગ્યાઓની સંખ્યા ધ્યાનમાં લેવાને બદલે વિષય આધારિત સંખ્યાને ધ્યાનમાં લઈ રોસ્ટર ક્રમાંકની ગણતરી કરી ભરતી કરવાની સૂચના આપી દેવાઈ હતી. જેનો વિરોધ થતા કેન્દ્રના માન સંશાધન મંત્રાલયે ભરતી પ્રક્રિયા અટકાવવા સૂચના આપી હતી ત્યારથી ગુજરાતમાં સ્પોર્ટસ અધ્યાપકોની ભરતી પ્રક્રિયા બંધ હોવાથી ઉમેદવારોનું ભાવિ અધ્ધરતાલ લટકી રહ્યું છે. સત્વરે આ ભરતી પ્રક્રિયા હાથ ધરાય તેવી અધ્યાપક મંડળ દ્વારા માંગ કરવામાં આવી છે.

તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે બીઝનેસ કોન્કલેવનું આયોજન કરાયુ હતું. જેમાં ગાંધીનગરની બીપીસીબીએ સંસ્થાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને રાજયના શિક્ષણમંત્રી તથા રાજયના અનેક સફળ ઉદ્યોગપતિઓને મળવાની તક પ્રાપ્ત થઈ હતી. આ બીઝનેસ કોન્કલેવ દરમિયાન વિદ્યાર્થીઓ ઉદ્યોગ સાહિસકતાના ગુણો શીખ્યા હતા અને વિવિધ બીઝનેસ મોડેલ્સ નિહાળી પોતાનો સ્વતંત્ર વ્યવસાય કેવી રીતે ચાલુ કરવો તે અંગે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

આજે કોંગ્રેસના વિરોધ ધરણા યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત સરકારના મહેસૂલ અને ગૃહ વિભાગમાં ચાલતા વ્યાપક ભ્રષ્ટાચારનો જાહેરમાં સ્વીકાર કરનાર રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી રાજીનામું આપે તેવી માંગ સાથે જિલ્લા કોંગ્રેસ દ્વારા આવતીકાલે ૨-૧-૨૦૧૯ને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે સત્યાગ્રહ છાવણી, સેક્ટર-૬ ખાતે વિરોધ પ્રદર્શન અને ધરણા યોજાશે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખની આગેવાની હેઠળ યોજાનારા ઉક્ત કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી, ચૂંટાયેલા સદસ્યો, શહેર, તાલુકા, જિલ્લા સંગઠનના હોદ્દેદારો, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશનના પદાધિકારીઓને જોડાશે.

ચિલોડા પ્રાથમિક શાળાના સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટ અંતર્ગત ૪૪ બાળકો કેડેટમાં જોડાયા

ચિલોડા, તા.૧

ગુજરાત સરકાર દ્વારા ચિલોડા પોલીસ સ્ટેશન આયોજિત ચિલોડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૨૨ કુમાર તથા ૨૨ કન્યા એમ કુલ ૪૪ વિદ્યાર્થીઓ સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોજેકટના અમલીકરણ દ્વારા કેડટમાં જોડાયા બાદ શિસ્તબધ્ધ રીતે પોલીસ સ્ટેશન ખાતે મુલાકાત લીધી હતી.

ગાયત્રી મંત્ર સાથે ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સ લાયોનેસે નવા વર્ષનું સ્વાગત કર્યું

ગાંધીનગરની ઈન્ડિયન સ્વર્ણિમ લાયન્સ અને લાયોનેસ સંસ્થા દ્વારા નૂતન વર્ષની સવારે પંચદેવ મંદિર ખાતે ભારતીય સંસ્કૃતિ અનુસાર ગાયત્રી મંત્રના પઠન તથા સૂર્યદેવના ૧૨ નામની આરાધના સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પંચદેવ મંદિરના મહંત ફૂલશંકર શાસ્ત્રી દ્વારા વિધી કરાવી આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા. નવા વર્ષના પ્રથમ સૂર્ય કિરણોને વધાવવાના કાર્યક્રમમાં બંને સંસ્થાના અગ્રણીઓ સહિત બ્રહ્માકુમારીઝના પ્રતિનિધિ, વી કેરના પ્રમુખ જે.સી. પટેલ, સ્વર્ણિમ લાયોનેસ પ્રેસિડેન્ટ શિલ્પા દેસાઈ, સ્વર્ણિમ લાયન્સ પ્રેસિડેન્ટ કુંપલ દવે, ઉપપ્રમુખ કિશોર દેસાઈ ઉપરાંત સભ્યો ભરત દેસાઈ, ભાવના દેસાઈ, વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ડુંગરી ગરાસીયા સેવા સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના તાલિમ વર્ગો યોજાશે

ગાંધીનગર, તા.૧

શ્રી ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ, ગુજરાત ગાંધીનગર દ્વારા આદિવાસી સમાજના રોજગાર ઈચ્છુક યુવાનો માટે વર્ગ-૩ કક્ષાની સરકારી નોકરીઓ માટે જીપીએસસી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, અર્ધ સરકારી સંસ્થાઓ, પંચાયત સેવા વગેરે દ્વારા પ્રસિધ્ધ થયેલી તેમજ આગામી સમયમાં થનાર જાહેરાતને અનુલક્ષીને યોજાતી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી માટે ગાંધીનગર ખાતે નામાંકિત રજીસ્ટર્ડ તાલીમ સંસ્થાઓના સહયોગથી રાહત દરે તાલિમ વર્ગોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ તાલિમ વર્ગમાં જોડાવા ઈચ્છુક ભાઈ બહેનોએ વહેલા તે પહેલાના ધોરણે ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઈ વી.મોડીયા, પ્લોટ નં. ૨૫૫-૨ સેકટર-૨ બી ગાંધીનગર ખાતેથી રૂબરૂમાં અથવા મો. ફોન. ૯૭૧૨૭૩૨૪૫૬ ઉપર સંપર્ક કરી વોટ્સ-એપ માધ્યમથી નિયત પ્રવેશ પત્રક મેળવી ભરેલા પ્રવેશ ફોર્મમાં (બે નકલ સાથે) તાલીમવર્ગમાં પ્રવેશ માટે રૂબરૂ હાજર રહેવાનું રહેશે. તેમ સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવાયું છે.